# Gujarat Police

From the Office of DG & IG of Police
Head of Police Force, Gujarat State
Police Bhavan, Sector 18, Gandhinagar: 382007

२४४

ક્રમાંકઃ સકલ/એકતા પરેડ-૨૦૨૧/શા.બે.સ્પ/ ૫૯૦ /૨૦૨૧

તા. ૦૪/૧૦/૨૦૨૧

**વિષયઃ રાષ્ટ્રીય એકતા દિવસ અનુસંધાને શાળા બેન્ડ સ્પર્ધાનું આયોજન કરવા બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, તા.૩૧/૧૦/૨૦૨૧ ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી થનાર છે. આ કાર્યક્રમમાં સમગ્ર રાજ્યમાંથી પસંદ થયેલ ઉત્તમ શાળા કક્ષાના બેન્ડના નિદર્શનનો કાર્યક્રમ પણ રાખવા સૂચના થઇ આવેલ છે. જેથી આ અનુસંધાને, તમામ એકમો ખાતે આવેલ શાળા કક્ષાની બેન્ડ સ્પર્ધાઓ રાખી, તેમાંથી ઉત્તમ બેન્ડ પસંદ કરવા સંદર્ભે નીચે પ્રમાણેની કાર્યવાહી સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

૧. તમામ પોલીસ કમિશનરશ્રીઓ/ રેન્જ વડાશ્રીઓએ શહેર/જીલ્લાના જીલ્લા શિક્ષણાધીકારીશ્રીના સંકલનમાં રહીને, જે શાળાઓમાં વિધાર્થીઓનું બેન્ડ ઉપલબ્ધ હોય તે શાળાઓની માહિતી તા.૦૬/૧૦/૨૦૨૧ સુધીમાં એકત્રિત કરી, તા.૧૧/૧૦/૨૦૨૧ સુધીમાં આ તમામ બેન્ડ વચ્ચે રેન્જ સ્તરની એક બેન્ડ સ્પર્ધા રાખવાની રહેશે. સંબંધીત રેન્જમાં આવેલ કમિશનરેટ સહિતના તમામ જીલ્લાઓમાં આવેલી શાળાઓના બેન્ડ વચ્ચે આ હરિફાઇ યોજવાની રહેશે.

૨. જે શાળાઓમાં હાલમાં બેન્ડ કાર્યરત ન હોય ત્યાં શાળા સંચાલકોને રસ દાખવતા વિધાર્થીઓમાંથી બેન્ડ ઉભું કરવા પ્રોત્સાહિત કરવા.

૩. રેન્જ કક્ષાએ યોજાયેલ સ્પર્ધામાંથી ઉત્તમ દેખામ કરનાર ૨-બેન્ડ પસંદ કરવાના રહેશે. દરેક રેન્જમાંથી આવા પસંદ બેન્ડ અને તેમાં ભાગ લેનાર વિધાર્થીઓની વિગતો અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારી એકમોને તા.૧૨/૧૦/૨૦૨૧ સુધીમાં મોકલી આપવાની રહેશે.

૪. અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારી એકમો દ્વારા પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર સાથે સંકલનમાં રહીને તમામ રેન્જમાંથી પસંદ થયેલ બેન્ડ વચ્ચે તા.૧૩/૧૦/૨૦૨૧ થી તા.૧૫/૧૦/૨૦૨૧ દરમ્યાન અમદાવાદ શહેર ખાતે રાજ્ય કક્ષાની શાળા બેન્ડ સ્પર્ધાનું આયોજન કરી તેમાંથી શ્રેષ્ઠ ૨-બેન્ડની પસંદગી કરવાની રહેશે.

૫ રેન્જ તથા રાજ્ય સ્તરની સ્પર્ધામાં જો વિધાર્થીનીઓનું અલગ બેન્ડ હોય તો તેવા મહિલા બેન્ડ માટે અલગથી સ્પર્ધા યોજીને તેમાં પણ રાજ્ય સ્તરે શ્રેષ્ઠ ૨-મહિલા બેન્ડની પસંદગી કરવાની રહેશે.

HQ
10/10 તારીખ
Sector-1
& ACP (HQ)
to discuss & reply today

નોંધ! શાળાનું નામ, સરનામું, આચાર્યનું નામ, મોબાઇલ નં અને ઇન્ચાર્જ શિક્ષકનું નામ અને મોબાઇલ નં: તાત્કાલિક
Surat dcp@gmail ... મોકલવી

પ્રોબેશનરી ...
પો.સ.ઇ.
પોલીસ કંટ્રોલરૂમ સુરત શહેર

TPZ-138 (૨)

૬. રાજ્ય સ્તરે પસંદ થયેલ તમામ બેન્ડ તા. ૩૧/૧૦/૨૦૨૧ના રોજના એકતા પરેડના કાર્યક્રમમાં ભાગ લેશે. આ માટે શાળા બેન્ડ પાસે યોગ્ય બેન્ડ અને બેન્ડ આર્ટીકલથી સજ્જ હોય તેની પણ ખાત્રી કરવાની રહેશે.

૭. તમામ એકમોના વડાશ્રીઓએ આ કાર્યવાહીને ટોચ અગ્રતા આપીને આ સ્પર્ધા સફળ રહે તે માટે અંગત લક્ષ આપવાનું રહેશે.

૮. તમામ સ્તરની સ્પર્ધાઓમાં વિજેતા બેન્ડ ટીમને યોગ્ય ઈનામ આપી પ્રોત્સાહિત કરવાના રહેશે.

૯. રેન્જ અને રાજ્ય સ્તરની બેન્ડ સ્પર્ધાનો યોગ્ય પ્રચાર-પ્રસાર થાય તે માટે તમામ એકમોના સોશ્યલ મિડિયા એકાઉન્ટ્સ ઉપર તથા પ્રેસ/મિડિયાના માધ્યામોમાં તેની બહોળી પ્રસિધ્ધિ કરાવવાની રહેશે.

**૨/- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારી એકમો, ગુ.રા. ગાંધીનગર :** ઉપર જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી યોગ્ય રીતે અને સમય મર્યાદામાં થાય તે માટે જરૂરી દેખરેખ રાખવી. સ્પર્ધા આયોજન માટે તમામ એકમો સાથે સંકલન કરીને સ્પર્ધાના નિયમો/માળખા અંગે તથા અન્ય બાબતો સંદર્ભે વિશેષ સૂચનાઓ/માર્ગદર્શન આપવું. દરેક તબક્કે થયેલ કાર્યવાહીથી અત્રેની કચેરીને વાકેફ રાખવાની રહેશે.

= N/1725/04

( આશીષ ભાટિયા )
પોલીસ મહાનિદેશક અને મુખ્યપોલીસ અધિકારી,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર

પ્રતિ,
- તમામ પોલીસ કમિશનરશ્રીઓ
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારી એકમો, ગુ.રા., ગાંધીનગર.
- તમામ રેન્જ વડાશ્રીઓ

નકલ રવાના :
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ.

CO ... Incharge | Y20 OU Zusmecy TPZ-138 GR-300

TPZ-138 THI-1725/04

પ્રતિ,
આચાર્યશ્રી
મા.વિ/ઉ.મા વિભાગની શાળાઓ
તમામ
જિ: સુરત.

જે શાળાઓમાં બાયંડ બેન્ડની વ્યવસ્થા હોય અને સ્પર્ધામાં ભાગ લેવા માંગતા હોય તેવી શાળાઓએ દિન-૨ માં માહિતી મોકલી આપવી.